# ઉત્તર ગુજરાતમાં કાતિલ ઠંડીનું મોજુ

## અરવલ્લી-સાબરકાંઠા સૂસવાટા મારતા ઠંડા પવનથી માર્ગો પર કરફ્યુ જેવો માહોલ

મોડાસા, તા. ૨૫

ઉત્તર ગુજરાતના અરવલ્લી, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં મોટા ભાગના વિસ્તારોમાં સૂસવાટા મારતા ઠંડા પવનથી જનજીવન પ્રભાવિત બનતા માનવીઓ, પશુ-પંખીઓની હાલત કફોડી બની છે. છેલ્લા ૧૫ દિવસથી ઠંડીનું મોજુ યથાવત રહેતા તીવ્ર ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ઉત્તર ભારતના પર્વતીય ક્ષેત્રોમાં છેલ્લા ૧૫ દિવસથી સતત થઈ રહેલી હિમવર્ષાના કારણે પર્વતીય અને મેદનીય વિસ્તારો પણ તીવ્ર ઠંડીમાં સપડાઈ રહ્યા છે. હજી એકાદ સપ્તાહ તાપમાનમાં પારો ગગડવાની સંભાવના હોઈ તીવ્ર ઠંડીની અસર વર્તાઈ રહી છે. માનવીની સાથે સાથે પાલતુ પ્રાણીઓ અને પશુઓ પણ ઠંડીથી બચવા તાપણી નજીક હરતા-ફરતા જોવા મળી રહ્યા છે.

ઉત્તર પુર્વીય પવનોની ઝડપ ઘટતા ઠંડીની તીવ્રતા પશ્ચિમ ભારત સુધી અનુભવાઈ રહી છે. છેલ્લા બે સપ્તાહથી તાપમાનનો પારો સતત ગગડતો રહ્યો છે. હવામાન સુત્રોના જણાવ્યા મુજબ વેસ્ટર્ન ડીસ્ટબર્નમાં તરંગો હિમાલય ઉપરાંત મેદાની પ્રદેશો ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિત ગુજરાત સુધી પ્રસરશે. તેના કારણે ગુજરાતમાં ઠંડીના પ્રમાણમાં તીવ્ર વધારો થયો છે. આ વેસ્ટર્ન ડીર્સ્ટબન્સની અસર હજુ સળંગ એક સપ્તાહ સુધી રહેવાની સંભાવના હોઈ આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો વધશે. પવનની ગતિ પ્રતિ કલાક ૮ કિમીની આસપાસ રહેતા સૂસવાટા મારતા ઠંડા પવનોની શીત લહેરથી જનજીવન પ્રભાવિત બનશે. સતત નીચા તાપમાને કાતિલ ઠંડીનું જોર વધતા અરવલ્લી અને સાબરકાંઠાના પહાડી-પર્વતીય ડુંગર વિસ્તારોના લોકો ૫ ડિગ્રી જેટલા નીચા તાપમાને ગાત્રો થીજાવી દે તેવી ઠંડીનો સામનો કરી રહ્યા છે. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કાતિલ ઠંડીનું મોજુ યથાવત રહેતા લોકો રીતસર ઠુંઠવાઈ રહ્યા છે.

ગરમ કપડાઓમાં અને ઘરોમાં પુરાઈ રહીને ઠંડીનો માંડ સામનો કરી રહેલા માનવીઓની સરખામણીએ ખુલ્લા આકાશ હેઠળ હિમભર્યા પવનોના સુસવાટા ઝીલતા ગરીબ અને શ્રમજીવી પરીવારોની હાલત કફોડી બની છે. ખુલ્લામાં રહેતા પશુ-પંખીઓની શી દશા થાય તેની પણ કલ્પના માત્ર ધ્રુજાવી જાય તેવી છે. અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માનવીઓ, પાલતુ પ્રાણીઓ અને પશુઓ સહિત ઠંડીથી બચવા તાપણીનો સહારો લઈ રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પાલનપુરમાં ઠંડીને પગલે જનજીવન પ્રભાવિત

બનાસકાંઠા સહિત પાલનપુરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડી પોતાનું આક્રમક રુપ બતાવી રહી છે. ઠંડીએ પોતાની તીવ્રતા બતાવતા તેની સીધી અસર માનવ જીવન પર પડી રહી છે. આથી જનજીવન ભારે પ્રભાવિત થઈ રહ્યું છે અને લોકો ઘરમાં જ પુરાઈ રહ્યા છે.

પાલનપુરમાં શિયાળો પોતાના ઓરિજનલ મુડમાં આવી જતા વહેલી સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. જયારે મોટા ભાગના લોકો રજાના માહોલમાં કડકડતી ઠંડીમાં ઘરમાં જ પુરાઈ રહી ફિલ્મો જોઈ કે વાતો કરી સમય પસાર કરી રહ્યા છે.

### ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ અંગ્રેજી, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો એક સપ્તાહનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ આચાર્ય, પ્રવાસ કન્વીનર પ્રદિપભાઈ ભાટીયાએ જણાવ્યું હતું કે મુંબઈ, એસ.એલ.વર્લ્ડ,લોનાવાલા, ખંડાલા સહિત વિવિધ જોવા લાયક રમણિય સ્થળો વિદ્યાર્થીઓએ જોયા હતા. ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

### શિહોરી કોર્ટે ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા ફટકારી

કાંકરેજના મંગળપુરાના વતની ભવાનજી મણાજી રાઠોડને ચેખલા, તા. કાંકરેજના ભવાનજી કપુરજી પાસે રૂા. ૨૫,૦૦,૦૦૦/- (પચ્ચીસ લાખ) લેવાના હતા જેની સામે ભવાનજી મણાજીએ ફરિયાદી ભવાનજી કપુરજીને આ રકમનો ચેક આપોપી ભવાનજી કપુરજીના ખાતામાં બેલેન્સ ના હોવાના કારણે પાછો ફરેલો જે અંગેની ફરિયાદ શિહોરી કોર્ટમાં ભવાનજી મણાજીએ દાખલ કરી હતી. જે કેસ આજે ચાલી જતાં સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરી શિહોરીના વિ.મેજી. એસ.એમ. ક્રિસ્ટીએ આરોપી ભવાનજી કપુરજીને એક વર્ષની સજા તથા રૂા. ૨૬,૦૦,૦૦૦ (છવ્વીસ લાખ)નો દંડ કરી અને સદરે દંડની રકમમાંથી રૂા. ૨૫,૦૦,૦૦૦ (પચ્ચીસ લાખ) પુરા ફરિયાદીને વળતર તરીકે ચુકવવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. આ કામે ફરિયાદી તરીકે વિ. વકીલ ડી.વી. ઠાકોરે તથા વિ. વકીલ આર.કે. મનસુરીએ ધારદાર રજુઆત કરેલી હતી.

### ઈસરી પોલીસે કોમ્પ્યુટર ચોરી કેસના બે આરોપીઓની ધરપકડ કરી

ગત તારીખ ૧૮.૧૦.૧૫ની રાત્રીએ અજાણ્યા શખ્શો મેઘરજ તાલુકાની કુણોલ હાઈસ્કૂલની નવજીવન હોસ્ટેલના દરવાજાના તાળાં તોડી એચસીએલ કંપનીનું મોનીટર,સીપીયુ તથા કીબોર્ડ માઉસની ચોરી ગયા હતા. જે અંગેની તપાસ ઈસરી પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતા ખાનગી બાતમીના આધારે ગત તારીખ ૨૨ ના રોજ પીન્ટુ ઉર્ફે રાજેન્દ્ર જગત રાઠોડ, ઉ.વ.૨૪ તથા અજીત હિંમત રાઠોડ ઉ.વ.૪૦ રહે બંને કુણોલ, જેઠુજીના મુવાડા, તા. મેઘરજ આરોપી મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. બંનેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પ્રાંતિજની શાળા નં.૩ માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ લાલ બોડીંગ ખાતે આવેલ શાળા નં. ૩ માં એચડીએફસી બેંક તથા શાળા પરિવાર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો જેમાં શાળા સંકુલમાં આયુર્વેદિક તથા ઔષધીયોના ૬૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. જયારે આ પ્રસંગે રાકેશભાઈ પરમાર, તેજસભાઈ વ્યાસ, જગદીશભાઈ પટેલ, શાળાના આચાર્ય પ્રવીણભાઈ પટેલ શાળા પરિવાર સહિત ઉપસ્થિત મહેમાનો સહિત શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

### રાજમણિ પ્રા.શાળામાં કિસાન દિવસ ઉજવાયો

પાલનપુરની રાજમણિ પ્રા.શાળામાં આજે કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ખેડૂતો રાતદિવસની મહેનતથી તમને મળેલ ફળશ્રુતિ ધરતીમાંથી ઉપજેલ ખાદ્ય ઉત્પાદકોનું શાળાના શિક્ષકો બાળકો અને આચાર્યએ મહેનતના અંતે પ્રદર્શન ભરી ખરા અર્થમાં ધરતીપુત્રોને યાદ કર્યા હતા.

### પાલનપુરમાં ગાંધી એક્ઝીબીશનથી નવી પેઢી રોમાંચિત

પાલનપુરની વિદ્યામંદિર શૈક્ષણિક સંસ્થા અને મુંબઈના બિરલા ગ્રુપના સંયુક્ત ઉપક્રમે પાલનપુર ખાતે વિશ્વ વિખ્યાત ઈટર્નલ ગાંધી એક્ઝીબીશન ખુલ્લુ મુકાયુ છે. આ એક્ઝીબીશન તા. ૨૦ ડિસે. થી ૩૦ જાન્યુ.૨૦૧૬ સુધી ચાલશે. જેમાં. મોટી સંખ્યામાં સ્થાનિકો મુલાકાત લઈ રહ્યા છે. આ એક્ઝીબીશનમાં શાળાના વિદ્યાર્થીઓએ દોરેલા ચિત્રો ગાંધીજીના બાળપણથી લઈ મૃત્યુ સુધીના ફોટો વિવિધ ગાંધીજીની ઝાંખીઓ અને ગાંધી ક્વીઝ જેવા કાર્યક્રમો રજુ કરાયા છે. આ એક્ઝીબીશનમાં ગાંધીજીના સ્ટેચ્યુ પાસે ફોટો પડાવવા પણ બાળકોની ભારે ભીડ જોવા મળે છે. બાળકો અને નગરજનો મોટી સંખ્યામાં આ એક્ઝીબીશનની મુલાકાત લે તે માટે તેમની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.તાજેતરમાં જ પાલનપુરના અગ્રણી અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેકટર ગણપતભાઈ જોષીએ નાયબ માહિતી નિયામક કાન્તાબેન પટેલ સાથે મુલાકાત લીધી હતી અને આ પ્રદર્શન યોજવા બદલ વિદ્યામંદિર શાળાને બિરદાવી હતી.




### તેનપુરમાં પાટીદારો ઉપવાસ પર બેઠા

બાયડના તેનપુરમાં પાટીદારો હાર્દિક પટેલ સહિત સાથીદારોને છોડાવવા ઉપવાસ પર બેસી ગયા હતા. બાયડ તાલુકાના પાટીદારોએ અનામત આંદોલન દરમિયાન જેલમાં ગયેલા હાર્દિક પટેલ સહિતના કાર્યકરોને મુક્ત કરવા માટે બાયડમાં એક દિવસના અનશનના કાર્યક્રમની મંજૂરી માંગી હતી તંત્ર તરફથી મંજૂરી આપ્યા બાદ ગઈ રાત્રે મંજૂરી રદ કરી દીધી હતી. જેથી મોડી રાતથી જ પાટીદારો અન્ન જળનો ત્યાગ કરી તેનપુર ગામના શહીદ સ્મારક પાસે અનશન પર બેસી ગયા હતા. આજે અરવલ્લી જિલ્લાના કોંગ્રેસમાંથી ચૂંટાયેલા જિલ્લા તથા તાલુકા પંચાયતના સદસ્યો સહિત તાલુકાના પાટીદારો અનશન કાર્યક્રમમાં જોડાયા હતા. અને જયાં સુધી કાર્યકરોને છોડવામાં ન આવે ત્યાં સુધી આંદોલન ગાંધી ચિંધ્યા માર્ગે ચાલુ રાખવા જણાવ્યું હતું. આ ઉપરાંત અનશન કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના કોંગ્રેસ દ્વારા ચૂંટાયેલા સદસ્યો પણ જોડાયા હતા અને જયાં સુધી પાસ કાર્યકરોને મુક્ત કરવામાં નહીં આવે ત્યાં સુધી કોંગ્રેસના તમામ સદસ્યો તથા હોદેદારો પાટીદારોને સમર્થન કરશે.

## તલોદ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તારૂઢ

સાબરકાંઠા જિલ્લાની તલોદ તાલુકા પંચાયતનો કબજો ભાજપના હાથમાંથી કોંગ્રેસના પંજાએ હસ્તગત કરી લીધો હતો. તે જ રીતે પ્રાંતિજ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પુનઃ સત્તાના સૂત્રો ગ્રહણ કર્યા હતા. તલોદ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની આજે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારો મહિલા ઉમેદવાર વિજયાબા ઝાલાએ તથા ઉપપ્રમુખના ઉમેદવાર તરીકે કેદારસિંહ રાઠોડે ઉમેદવારી નોંધાવી હતી. તે સામે ભાજપના અનુક્રમે હસમુખસિંહ પરમાર અને પૂનમભાઈ પટેલે ઉમેદવારી કરી હતી. જેમાં ૯ વિરુદ્ધ ૧૧ મત મેળવી કોંગ્રેસના ઉમેદવારો વિજયી થતા હતા.



વિજયી ઘોષિત થયા હતા. જેમાં પ્રમુખપદે વિજયાબા અમરસિંહ ઝાલા (બડોદરા) અને ઉપપ્રમુખ પદે કેદારસિંહ ધૂળસિંહ રાઠોડ (મુધાસણા) વિજયી ઘોષિત થતાં સત્તા સ્થાને આરૂઢ થયા હતા.

પ્રાંત અધિકારી ચૌધરીના ચૂંટણી અધિકારી પદ હેઠળ તલોદ તા.પં. કચેરી ખાતે યોજાયેલ ચૂંટણીમાં કોંગ્રેસના પ્રમુખપદના

કચેરીના પ્રાંગણમાં ઉમટી પડેલી હજારોની જનમેદનીએ 'આયો રે આયો.. પંજો આયો...' ના નારા લગાવીને આતશબાજી કરી હતી. વિજયી ઉમેદવારોના સમર્થકોએ તલોદ બજારમાં ડીજે સાઉન્ડ સાથેની વિજયયાત્રાનું આયોજન કર્યું હતું. જેમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ મંગુસિંહ ઝાલા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ તાલુકા પંચાયતની આજે યોજાયેલ ચૂંટણીમાં તાલુકા પંચાયત પ્રમુખપદ માટે કોંગ્રેસના દક્ષાબહેન સુરેશભાઈ રાઠોડ અને ઉપપ્રમુખ માટે કોંગ્રેસના વિષ્ણુભાઈ વિઠ્ઠલભાઈ પટેલે ઉમેદવારી કરી હતી. તે સામે ભાજપના મંજુલાબહેન ચમાર અને ગાંડાભાઈ રાઠોડે ઉમેદવારી નોંધાવી હતી. ચૂંટણી પ્રક્રિયાને અંતે ભાજપના ઉમેદવારોને ૧૩-૧૩ મત મળ્યા હતા. પરિણામે કોંગ્રેસનો ભારે બહુમતિ સાથે વિજય થયો હતો.

પ્રાંતિજ નગરમાં પણ વિજેતા કોંગ્રેસના ઉમેદવારોના સમર્થકોએ કોંગ્રેસ - ઝિંદાબાદના નારા, ગુલાલની છોળો અને આતશબાજી થકી વિજયોત્સવ મનાવ્યો હતો.

## લાયન્સ કલબ ઑફ હિંમતનગર દ્વારા ગરીબ બાળકો માટે નિ:શુલ્ક તાલીમ વર્ગ

હિંમતનગર, તા. ૨૫

લાયન્સ કલબ હિંમતનગર ડીવાઈન સંસ્થા દ્વારા હિંમતનગરના પછાત વિસ્તાર શંકરનગર કાટવાડ રોડ પર રહેતા ૫૦ જેટલા પરિવારના બાળકોને નિ:શુલ્ક શૈક્ષણિક કિટનું ભુલકાઓને વિતરણ કરવામાં આવ્યું હતું.

બીન ગુજરાતી પરિવારો પોતે સાક્ષર નથી અને તેમનાં બાળકોને પણ સાક્ષરતા માટે પ્રેરણા ન આપતા વિવિધ નિમ્ન કક્ષાના કામો કરાવી તેમનું કુમળું જીવન ધૂળધાણી કરી રહ્યા છે. ત્યારે આ કલબ દ્વારા પ્રાથમિક સમજણ આપી તેમની માતાઓ વાલીઓને પ્રોત્સાહિત કરવાનું ભગીરથ કાર્ય કરી સરકારના સાક્ષરતા અભિયાન તથા સ્વચ્છતા અભિયાનને વેગ આપી રહી છે. આ બાળકો માટે કલબ દ્વારા નિષ્ણાંત શિક્ષકની નિયુક્તિ કરી તેમને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં શામળભાઈ ચાવડા, શિવરામભાઈ, બ્રિજેશ પટેલ, મોહનભાઈ નાયી, રમેશભાઈ શાહ, ભરતભાઈ શાહ વગેરે હાજર રહ્યાં હતા.

## ...આ બાળકોને કદી ભૂખ નહીં લાગે...!!!

પ્રાંતિજ, તા.૨૫

સાબરકાંઠા જિલ્લામાં આવેલ પ્રાંતિજ તાલુકો પોતાની પાસે રહેલા પ્રાચીન ખજાનાને કારણે ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. પ્રાપ્તિપુરી તરીકે જાણીતા પ્રાંતિજ શહેરમાં રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ ખ્રિસ્તી મિશનરી એટલે કે આઈ.પી. મિશન સંસ્થા કે જે આજે જીવનદાતા તરીકે ઓળખાય છે. જેમાં પ્રવેશતા જ સ્મારક આવેલ છે. આ સ્મારક પર કોતરેલ શિલાલેખ ઈ.સ.૧૯૦૦ માં અંગ્રેજોના રાજય શાસનકાળ દરમિયાન રાજયમાં ફાટી નીકળેલ ભયંકર પ્લેગ અને તેને કારણે ઉત્પન્ન થયેલ દુષ્કાળને પરિણામે મૃત્યુ પામેલા અસંખ્ય માણસો પ્લેગના ભરડામાં અને ભૂખનાં માર્યા મૃત્યુ પામ્યા હતા અને મૃત્યુ પામેલા આ ત્રણસો બાળકો સહિત વૃદ્ધો, સ્ત્રીઓને કબ્રસ્તાનમાં એક મોટો કુવો બનાવી તેમાં દફનાવવામાં આવ્યા અને કુવાને ચારે બાજુથી ચણતર કરી તેના પર શિલાલેખ કોતરવામાં આવ્યો.



'આ બાળકો ને કદી ભૂખ નહીં લાગે' હાલ પણ આ શિલાલેખ તેની સાક્ષી પુરે છે. આઈ.પી. મિશનના સંચાલક મુનાભાઈ ફાધરે એક મુલાકાતમાં સંસ્થાનો ઈતિહાસ તેની દસ્તાવેજી પુરાવાઓ સાથે રજુઆત કરતાં જણાવ્યું કે ૧૮૮૦માં અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ગરીબ લોકોના કલ્યાણ માટે પ્રાંતિજમાં મિશનરીનું કામ શરુ કરવામાં આવ્યું હતું અને ૧૮૮૫ સુધીમાં ચૂનો-ઈટો દ્વારા તૈયાર કરવમાં આવેલું મકાન તે સમયે સાત હજારમાં તૈયાર થતું હતું. જેમાં પાંચ હજાર રૂપિયામાં ઈંટો ચૂનો અને કડીયા કામની મજુરી

### પ્રાંતિજમાં ૧૧૫ વર્ષ પહેલા પ્લેગથી મૃત્યુ પામેલા બાળકો સહિત ૩૦૦ વ્યક્તિઓને આઈપી મિશનરી ખાતે સમૂહમાં દફનાવાયા હતા

થઈ હતી. જયારે બે હજાર રૂપિયામાં બારીબારણાં સુથારી કામ સાથે કુલ ૭૦૦૦ નો ખર્ચ થયો હતો. અત્યાર સુધીમાં અનેક ભુકંપ આવ્યા પણ મકાનની એક પણ ઈંટ આજ સુધી હલી નથી અને આજે પણ મકાન અડીખમ છે. ફાધરના જણાવ્યા મુજબ ઈ.સ. ૧૯૦૦માં અંગ્રેજોના શાસનકાળ દરમિયાન રાજયમાં ભયંકર પ્લેગનો રોગ ફાટી નીકળ્યો હતો. આજ સમયે દુષ્કાળને પરિણામે ભૂખમરા જેવી દયનીય સ્થિતિ ઉત્પન્ન થઈ હતી. પ્લેગ તેમજ ભૂખમરાને કારણે અનેક લોકો મૃત્યુ પામ્યા હતા. ભૂખમરાને કારણે અસંખ્ય લોકોએ આ સંસ્થામાં આશ્રમ મેળવ્યો હતો. પ્લેગની ભયાનકતા એટલી તીવ્ર હતી કે અનેક બાળકો, વૃદ્ધો-સ્ત્રીઓ ક્રમશઃ મૃત્યુમાં હોમાતા ગયા. ખ્રિસ્તી રીતરિવાજ પ્રમાણે કોઈ મરણ પામે ત્યારે મૃત્યુ પામનારની સંખ્યા વધતી ગઈ અને એ સમયમાં મોટી સંખ્યામાં કબ્રસ્તાન તૈયાર થઈ શકે તેવી પરિસ્થિતિ ન હતી. તેથી પ્રાંતિજ આઈ.પી. મિશનનું કબ્રસ્ટાન ઓવરબ્રીજ પાસે આવેલ ચંચળબા નગર ખાતે આવેલ કબ્રસ્તાનમાં મૃત્યુ પામેલ લોકોને દફનાવવા માટે એક મોટો ઊંડો કુવો બનાવવામાં આવ્યો. પ્લેગના રોગ અને ભૂખમરાથી મૃત્યુ પામતાં લોકોને આ કુવામાં નાખવામાં આવતા અને તેની પર માટી નાખવામાં આવતી. મૃત્યુ પામવાનો સીલસીલો ચાલુ રહ્યો. પરિણામે કબ્રસ્તાનમાં ખોદવામાં આવેલ કુવો મૃત્યુ પામેલા માણસોના મૃતદેહોથી ઉભરાઈ ગયો. જેમાં ત્રણ સો જેટલા બાળકો પણ ભૂખમરાને કારણે મૃત્યુ પામ્યાં હતા. આ કુવાને ચારેય બાજુથી ચણતર કરી સીલ કરી દેવામાં આવ્યો. અને તેના પર લેખ કોતરવામાં આવ્યો. આજે પણ આ લેખ હયાત છે અને શિલાલેખ પર કોતરેલા લખાણના શબ્દો આ પ્રમાણે છે.

'આ કબ્રસ્તાનમાં દાટેલા ત્રણસો બાળકો ઈ.સ. ૧૯૦૦ના દુષ્કાળને પ્રસંગે મરણ દ્વારે ઘેટાં પાલકની બાથમાં આશ્રય પામ્યા તેના સ્મરણાર્થછે તેઓને ફરી ભૂખ નહીં લાગે.'

પ્લેગનો રોગ ધીરે ધીરે નાબુદ થવા લાગ્યો અને ભૂખમરાથી મૃત્યુ પામતા લોકોની સંખ્યા ઘટવા માંડી ત્યારબાદ લોકો મિશનરીઓમાંથી પાછા ફરવા લાગ્યા. અને પાછા ફરેલા અનાથ લોકોને મિશન દ્વારા ૧૦ જેટલા ખેડૂતોને પોયડા ગામની પાસે તલોદ તાલુકામાં આવેલ હિંમતપુરા ગામ જે આજે વિશ્વાસીપુરા નામે જાણીતું છે ત્યાં જમીન આપી મકાન બાંધી આપ્યા અને અત્યારે પણ આ ગામે તેમના વંશ વારસો હયાત છે.

જયારે ૧૯૭૫માં લેપ્રસી (રક્તપિત્તના દર્દીઓના) પુનઃ સ્થાપન માટે જીવનદ્વાર સંસ્થા સ્થાપવામાં આવી જેમાં રક્તપિત્ત થયેલા બેહાલ અને ઘરમાંથી ત્યજાયેલા રક્તપિત્તના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે અને હાલ આ સંસ્થામાં રક્તપિત્તના ભોગ બનેલ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. આ સંસ્થા દ્વારા અભ્યાસ કરવામાં આવેલ બાળકો વિવિધ સંસ્થાઓમાં સારી જગ્યાએ નોકરી કરી પગભર થયા છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

